## Manifest thy sovereign Presence in us

**Grant**, O Divine Teacher, that we may know and accomplish our mission upon earth better and better, more and more, that we may make full use of all the energies that are in us, and Thy sovereign Presence become manifest ever more perfectly in the silent depths of our soul, in all our thoughts, all our feelings, all our actions.

- The Mother

## તારું પરમ સાન્નિધ્ય અમારામાં અવિર્ભાવ પામે

**હે દિવ્ય ગુરુ**, અમારી પ્રાર્થના છે કે, પૃથ્વી ઉપર તારું જે કાર્ય છે તે અમે વધુ ને વધુ પ્રમાણમાં અને વધુ ને વધુ સારી રીતે જાણીએ અને તેને સિદ્ધ કરીએ, અમારી અંદર રહેલી સર્વ શક્તિઓનો અમે સંપૂર્ણ ઉપયોગ કરીએ, અને તારું પરમ સાન્નિધ્ય અમારા આત્માનાં નીરવ ઊંડાણોની અંદર, અમારા સર્વ વિચારોમાં, અમારી સર્વ લાગણીઓમાં, અમારાં સર્વ કર્મોમાં વધુ ને વધુ સંપૂર્ણ રીતે અવિર્ભાવ પામી રહે.

- શ્રી માતાજી

Prayers and Meditations : March 28, 1914
પ્રાર્થનાઓ અને ધ્યાન : ૨૮ માર્ચ ૧૯૧૪


From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● November 2020
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2020
NOVEMBER
૧ નવેમ્બર, ૨૦૨૦

## Manifesting the Divine
## પ્રભુનો અવિર્ભાવ કરીએ




**F**or the plenitude of His light we invoke the Divine, to awaken in us the power to express Him.

With my blessings

10 November 1954 - The Mother

**પ્ર**ભુનું આપણે આવાહન કરીએ, એમના પ્રકાશની વિપુલતા માટે, એમને વ્યક્ત કરવાની શક્તિને આપણામાં જાગૃત કરવા માટે.

મારા આશીર્વાદ સાથે

૧૦ નવેમ્બર ૧૯૫૪ - શ્રી માતાજી

## Entering Sri Aurobindo's Path

**In** the meditation he should concentrate first in an aspiration that the central truths of which he reads should be made real to him in conscious experience and his mind opened to the calm, wideness, strength, peace, light and Ananda of the spiritual consciousness.
30 November 1926

**The** object of Yoga is a change of consciousness and opening into spiritual knowledge and experience and union with the Divine. If any powers come along with this change, they are not to be used in a trivial manner.
9 June 1928

… … … **It** is the object of his Yoga to transform life by bringing down into it the Light, Power and Bliss of the divine Truth and its dynamic certitudes. This Yoga is not a Yoga of world-shunning asceticism, but of divine Life. … … …
1 January 1929

---

Letters on Himself and The Ashram: P. 539, 541

## શ્રી અરવિન્દની સાધનામાં પ્રવેશ

**ધ્યા**ન કરતી વખતે એણે પોતાની એકાગ્રતા એવી અભીપ્સા કરવામાં રાખવી જોઈએ કે સૌ પ્રથમ જે મુખ્ય સત્યો વિષે એ વાંચન કરે છે, એ એને માટે જાગ્રત અવસ્થામાં જીવંત બનાવવામાં આવે, બીજું એનું મન સ્વસ્થતા, વિશાળતા, શક્તિ, શાંતિ, પ્રકાશ અને આધ્યાત્મિક ચેતનાના આનંદ પ્રતિ ખુલ્લું કરવામાં આવે.
30 નવેમ્બર ૧૦૨૬

**યો**ગસાધનાનું લક્ષ્ય છે ચેતનાનું પરિવર્તન, આધ્યાત્મિક જ્ઞાનમાં પ્રવેશ અને દિવ્ય પ્રભુનો અનુભવ તથા એમની સાથે એકાત્મતા. આ પરિવર્તનની સાથે જો અન્ય શક્તિઓ આવે તો એમનો ઉપયોગ નજીવી રીતે નથી કરવાનો.
૯ જૂન ૧૯૨૮

… … … **શ્રી** અરવિન્દના યોગનો ઉદેશ છે જીવનનું રૂપાંતર: ઊર્ધ્વમાંથી પ્રકાશ, બળ, દિવ્ય સત્યનો આનંદ એની પ્રગતિપ્રેરક નિશ્ચિતતાઓ સાથે, બધું જીવનમાં ઉતારીને જીવનનું રૂપાંતર સાધવાનું છે. આ યોગસાધના જગતનો ત્યાગ તથા વૈરાગ્યની કઠોર તપસ્યા માટે નથી પણ દિવ્ય જીવન વિકસાવવા માટે છે. … … …
૧ જાન્યુઆરી ૧૯૨૯

---

Letters on Himself and The Ashram: P. 539, 541